સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

ઉદ્ઘાટન સ્થળ પસંદગીમાં કૈંક હોય છે હેતૂ,
સત્તાના સ્વામીઓને સદા નડે છે રાહુ અને કેતૂ,
જાણ ભેતૂ થઇને, લેતા રહે છે વેરનો બદલો -
તણાય છે ક્રોકીંટના ચ, ટકે ક્યાંથી સંપર્કનો સેતૂ!!

હાઈકુ

નિમણૂંકની -
પાથરે જાળ જૂની-,
બોર્ડ-નિગમે..
(કાર્યકરો માટે લટકતું ગાજર)

ભરાવે ન્હોર,
હવે પંજાબી સિંહ,
નહેરુ કુળે..
(સોનીયા-રાહુલ સામે બ્રાર)

ચિંતન

યસ્મિન દેશે ન સમ્માનો ન વૃત્તિર્ન ચ બાંધવાઃ । ન ચ વિદ્યાઅઅડમઃ કશ્ચિત્ તં દેશં પરિવર્જયેત્ ॥

'જે દેશ-વિદેશ-સ્થાનમાં - જયાં માન અને સન્માન ન સાચવી શકાય (અર્થાત નાગરિક તરીકેનું આત્મગૌરવ) ન સચવાય, જયાં આજીવિકા ન મળે, જયાં કોઇ સગાંસંબંધી કે ભાઇ-ભાંડુ ન રહેતાં અને જયાં વિદ્યા-અભ્યાસ દ્વારા પ્રગતિ પણ શક્ય ન હોય, ત્યાં રહેવાનો શું ફાયદો? એવા સ્થળે-દેશનો ત્યાગ કરવો.'

વલસાડ-નવસારી જિલ્લાના મજૂરો, ઇરાકમાં મજૂરી કરી કમાવા ગયા હતા ત્યાં કદાચ અહીં કરતાં થોડી વધારે મજૂરી મળતી હશે. પણ તેની સામે ખોટ કેટલી?

- કુટંબીજનોની ઓથ વાત્સલ્ય નથી મળતું.

- માન-સ્વમાન ગુમાવી જે તે દેશની બોલી-ભાષા સંસ્કાર સ્વીકારવાં પડે, અરે પહેરવેશ પણ સ્વીકારવો પડે.

- આત્મ સન્માનના ભોગે વિદેશની કમાણીનો શું અર્થ? અને જીવનો સતત જોખમ.

માણસો અમેરિકા-કેનેડા-ઓસ્ટ્રેલિયા-દુબઇ-મસ્કત જાય છે પણ ત્યાં કંઇ સોનાનો પહાડ નથી કે સોનું લઇને પરત આવી ગયા. જો આ બધું ગુમાવીને ત્યાં મહેનત-મજૂરી જ કરવી પડે તો અહીંના દાળ-રોટી શું ખોટાં?!

સુવિચાર

- **કોઇ પણ કામમાં મન અને બુદ્ધિનું ૧૦૦% યોગદાન હશે તો જ તમને સારી ઉંઘ આવશે.. નહીંતર શંકાશીલ બની તમે પડખા જ બદલ્યા કરશો** **- ધ્રુવ ભટ્ટ**
- **દિલમાં પૂણ્યભાવ, સદ્ભાવથી કરેલા કાર્યનું પરિણામ સુખદ હશે.. અને દુર્ભાવથી કરેલા કાર્યનું પરિણામ દુઃખદ હશે** **- એસ. ભટ્ટાચાર્ય**
- **જીવન જીવવાના વર્ષો સિમીત છે.. માટે તમને જે પ્રેમ કરે છે એના માટે પૂરતો સમય આપો.. કામની અગત્યતા એકવાત પણ કેટલાક સંબંધો કામથી પણ વધુ અગત્યના હોય છે** **- કાન્તિ ભટ્ટ**
- **આનંદ પર માત્ર અમીરોનો જ ઇજારો નથી.. સંપત્તીથી સુવિધાઓ ચોક્કસ વધી શકે પરંતુ સુવિધા હોય ત્યાં સુખ હોય તેવું જરૂરી નથી.. માનવ સર્જીત સંપત્તિ કરતા કુદરતી સંપત્તિ સુખની વધુ નજીક પહોંચાડે છે** **- અખંડ આનંદ**
- **જીવનમાંથી લુપ્ત થઇ રહેલા શાંતિ, વિશ્વાસ અને પ્રેમને પુનઃપ્રાપ્ત કરવા હોય તો આશાની મીણબત્તી બુઝાવા ન દેતા.. આશા જીવંત હશે તો શાંતિ, વિશ્વાસ અને પ્રેમ પણ જીવંત હશે** **- ડો. જીતેન્દ્ર અઢિયા**
- **આ ભૂમિ પર જળ, અન્ન અને સુંદર વિચારો - આ ત્રણ રત્નો છે.. પરંતુ મૂર્ખ લોકો પથ્થરના ટુકડાને (હીરાને) રત્ન તરીકે ઓળખે છે** **- ઉપનિષદ**
- **જેમ પાણીને ગરમ કરીએ તો અચૂક સમય પછી તે ફરીથી પાછું ઠંડુ થઇ જશે.. એમ સારી વાતો, સારી સલાહો આપીને કોઇના સ્વભાવને બદલાવી શકાતો નથી- એસ.એમ.એસ.**

(સંકલન : દીપક વી. આસરા)

બોધ કથા

'પુત્રનાં લક્ષણ પારણામાંથી' અને 'મોરનાં ઇંડા ચિતરવાં ન પડે' એ અનુભવનો નિતાર જેવી કહેવતો છે એમાં સત્યનો રણકો છે.

પંડિત જવાહરલાલ નહેરુ ત્યારે લંડનમાં ભણતા હતા. પંડિત મોતીલાલ ધનિક પરિવારના હતા અને ખૂબ ઉદાર હતા. જરૂરિયાત મંદને ખૂબ મદદ પણ કરતા. એકવાર પંડિત જવાહરે માસિક જરૂરીયાત કરતાં પણ વધારે પૈસા મંગાવ્યા.

મોતીલાલજી પુત્ર જવાહર પર ખૂબ ગુસ્સે થયા અને અકળાઇને કડક ભાષામાં પત્ર લખી સાદાઇથી અને કરકસરથી રહેવા સલાહ આપી.

પંડિત જવાહરે પૈસા મંગાવવાનું કારણ લખતાં જણાવ્યું કે 'તમે મારા જન્મદિવસે આપેલી સોનાનાં પટ્ટાવાળી ઘડિયાળ મેં ગિરવે મૂકે છે અને એના પર પૈસા ઉપાડી એક ગરીબ વિદ્યાર્થીની 'ટર્મીનલ ફી' ભરી અને એને જરૂરી પુસ્તક પણ ખરીદી આપ્યાં છે મને ઘડિયાળની જરૂર છે એટલે મેં પૈસા મંગાવ્યા છે.'

મોતીલાલજીએ પુત્રનો પત્ર વાંચી આંખે અશ્રુ વહાવ્યાં અને પુત્રને સમજવામાં કરેલી ભૂલ પર પશ્ચાતાપ કરી લાગણીસભર પત્ર લખી અભિનંદન સાથે પૈસાનો ચેક મોકલી આપ્યો.

Email - sureshchandrabhatt18@gmail.com

વિદ્યાર્થીઓમાં પોતાના રાષ્ટ્ર માટે ગૌરવ જાગે, મહાન પૂર્વજો માટે આદર પેદા થાય, એમનો સદ્ગુણ વિકાસ થાય એવા ગુજરાત સરકારના આ પ્રયાસની સ્તુતિ થાય કે નિંદા?

શિક્ષણના શુદ્ધીકરણનો યજ્ઞ એટલે શિક્ષણું ભારતીયકરણ

- હર્ષદ પ્ર. શાહ

છેલ્લા એક અઠવાડિયાથી દેશભરમાં એક વિષય પર મોટી બૂમરાણ મચી રહી છે. અખબારોને અને ન્યૂઝ ચેનલોને હંમેશા પોતાની લોકપ્રિયતા વધારવા અને પોતાના અસ્તિત્વને ટકાવી રાખવા જે પ્રકારના ટોનિકની જરૂર હોય છે એવું એક ટોનિક મળી ગયું.

ગુજરાત રાજય શાળા પાઠ્યપુસ્તક મંડળે વિદ્યાર્થીના જીવનઘડતર માટે ખૂબ ઉપયોગી અને ભારતીય જીવન સત્ત્વને પોષક એવાં ૯ પુસ્તકોનો સેટ રાજયની ૪૨,૦૦૦ શાળાઓને પૂરક વાંચન માટે નિઃશુલ્ક મોકલ્યો એમાં તો જાણે ધરતી રસાતાળ ગઇ હોય એટલી બૂમરાણ પ્રસાર-માધ્યમોએ મચાવી દીધી -

"શિક્ષણક્ષેત્રે વિચારધારાકીય આક્રમણ!"

- પ્રકાશ ન. શાહ, દિવ્ય ભાસ્કર, દિ. ૩૮.૦૭.૨૦૧૪

'વિમાનની શોધ ઋષિઓએ કરી હતી : શિક્ષણનું ભગવાકરણ'

- નવગુજરાત સમય, દિ. ૨૮.૦૭.૨૦૧૪

- 'વ્યાસ - વાલ્મિકી, વર્ન-વેલ્સ'

- તંત્રી લેખ, ગુજરાત સમાચાર, દિ. ૨૯.૦૭.૨૦૧૪

'વિજ્ઞાન, ભૂગોળ અને ઇતિહાસની ઐસી કી તૈસી!'

- ગૌરાંગ જાની, ફૂલછાબ, દિ. ૩૦.૦૭.૨૦૧૪

આ તો અખબારી સમાચાર - લેખોની થોડી શીર્ષ પંક્તિઓ...

અંગ્રેજી અખબારો ચલાવતા કેટલાક મેકોલેપુત્રોને પણ પેટમાં શૂળ ઉપડી. ન્યૂઝ ચેનલોએ તો શોધી શોધીને કેટલાય મહાનુભાવોને એમના પડદે ઠાલવી દીધાં!

જાણે આભ તૂટી પડ્યું...

શું આપણા મહાન રાષ્ટ્રની પરંપરાનું સ્મરણ કરવું - કરાવવું એ ગુનો છે? શું આપણે તેજસ્વી પૂર્વજોનો પરિચય કરાવવો એ હીણપતભરી વાત છે? આપણા ઋષિ-વિજ્ઞાનીઓએ ખરેખર કરેલી શોધોની વાત કરવી બરાબર નથી? ભારતના અને સમગ્ર વિશ્વના મહાપુરૂષોના પ્રેરક પ્રસંગો વિદ્યાર્થીઓ સમક્ષ મૂકવા એ ગુનો છે...?

તો હા, એ ગુનો અમને કબૂલ છે... અને ગુજરાતની ભારતની સુજ્ઞ પ્રજા અમને જે સજા કરે એ પણ કબૂલ છે!

વિદ્યાર્થીઓમાં પોતાના રાષ્ટ્ર માટે ગૌરવ જાગે, મહાન પૂર્વજો માટે આદર પેદા થાય, એમનો સદ્ગુણ વિકાસ થાય એવા ગુજરાત સરકારના આ પ્રયાસની સ્તુતી થાય કે નિંદા?

ટીકા કરનારાઓને ઇશ્વર સદ્બુદ્ધિ આપે!

અમારા આ પ્રિય મિત્રો ભગવાકરણ કોને કહે છે? ભગવાકરણની વ્યાખ્યા તેઓ આપશે? ભગવો રંગ તો ત્યાગ અને સમર્પણનો સૂચક છે. આપણી આધ્યાત્મિક સંસ્કૃતિએ ભણવા અને શ્વેત રંગની પૂજા કરી છે. ભગવા વસ્ત્રધારી સંતોને આ સમાજે પૂજ્યભાવથી જોયા છે. એવા આ ભગવા રંગને બદનામ કરવાનું તો છોડો!

પણ, ના અમારા આ બુદ્ધિજીવીઓની બુદ્ધિને એ માન્ય નથી. એમની દંભી બિનસાંપ્રદાયિકતા અભડાઇ જાય. આ નવી પેઢી ભૂલેચૂકે થોડી દેશભક્ત બની જાય તો એમની કહેવાતી વ્યાપકતા કે આંતરરાષ્ટ્રીયતાની છબિને કલંક લાગે.

નવગુજરાત સમયે છાપ્યું છે, "પુસ્તકના એક પ્રકરણમાં તો જન્મદિવસે મીણબત્તી સળગાવવાની પણ ના પાડીને સ્વદેશી વસ્ત્રો પહેરીને સાદગીથી ઉજવણી કરીને દાન કરવાનું જણાવવામાં આવ્યું છે!" આ લેખના લેખકનું નામ તો એમને નથી છાપ્યું. પણ, જેણે પણ આ લખ્યું એમના જ્ઞાન વિશે, એમની માહિતી વિશે કે એમના સ્વાધ્યાય વિશે થોડી શંકા અને કરૂણા ઉપજે છે, કારણ કે કોઇ પણ પુસ્તકમાં મીણબત્તી સળગાવવાની ના પાડી હોય તેવું મારી જાણમાં તો નથી. હા, એવું જરૂર કહ્યું હશે કે જન્મદિવસ ઉજવવાની વિદેશી રીતરસમમાં પોતાની ઉંમર જેટલી મીણબત્તીઓ પહેલાં સળગાવવાની અને પછી ફૂંક મારીને એને બુઝાવવાની અને કેક કાપીને ખાવા-ખવડાવવાની જે રસમ છે એના કરતાં ભારતીય પરંપરા અનુસાર ભગવાનના ચિત્ર સામે દીવો પ્રગટાવી પ્રાર્થના કરવી ઉત્તમ છે. એવું પણ કહ્યું હશે કે મિત્રો અને સ્વજનોના પ્રેમનું મૂલ્ય એમણે જન્મદિવસે આપેલી ભેદસોગાદો સાથે ન સરખાવશો. ભારતીય જીવનશૈલી મુજબ લેવા કરતાં દેવાની ભાવનાનો વિકાસ કરવો એ ઉત્તમ મૂલ્ય છે. તેથી જન્મદિવસ સાદગીથી ઉજવવો અને દાનવૃત્તિ કેળવવી. હવે આમાં શું ખોટું કહી દીધું! પણ, જેમનામાં ૧૮૩૫ વાળો પેલો મેકોલ આજે પણ ધબકે છે એમને દીવાનો દિવ્ય પ્રકાશ નહીં, મીણબત્તીનું ભૌતિક અજવાળું જ દેખાશે.

કોઇ પણ વાતને તોડી-મરોડીને પ્રજા સામે મૂકવાની ક્ષમતા અખબારોએ વિકસાવી છે. ઉપરોક્ત લેખમાં લેખકને વિમાનની શોધ બાબતે પણ વાંધો પડ્યો છે. મારા પરામર્શનમાં તૈયાર થયેલા આ પુસ્તક 'તેજોમય ભારત'માં અમે વિમાન માટે એવું તો લખ્યું છે કે હજારો વર્ષ પહેલાં ભારતના જ્ઞાનીઓને વિમાનવિદ્યાનું જ્ઞાન હતું. મહર્ષિ ભારદ્વાજ પ્રણિત 'બૃહદ વિમાન સંહિતા' નામનો ગર્થ એનું પ્રમાણ છે. આ ગ્રંથ આજે પણ ઉપલબ્ધ છે. પણ અમે એવું તો નથી જ કહ્યું કે રાઇટ બંધુઓએ ૧૭ ડિસેમ્બર, ૧૯૦૩ના દિવસે કરેલી વિમાનની શોધની વાત ખોટી છે. અમારું તાત્પર્ય સ્પષ્ટ છે કે આધુનિક જગત માટે વિમાન ભલે રાઇટ બંધુઓએ શોધ્યું, પણ ભારતને સદીઓ પૂર્વે એનું જ્ઞાન હતું. રાઇટ બંધુઓની સાથે સાથે આપણી પેઢી ભરદ્વાજને પણ યાદ કરે એવીને એટલી જ વાત છે.

આવું જ 'નવગુજરાત સમયે' ગુરૂત્વાકર્ષણ વિશે નોંધ્યું છે.

ન્યૂટન જેવા મહાન જ્ઞાની-વિજ્ઞાની માટે અમને પૂરો આદર છે, પણ ઋષિ ભાસ્કરાચાર્યે ન્યૂટનના જીવનકાળમાં ૫૨૫ વર્ષ પૂર્વે એમની દીકરી લીલાવતીને સમર્પિત કરેલા 'સિદ્ધાંત શિરોમણિ' નામના ગ્રંથના 'ગોલાધ્યાય' નામનાં પ્રકરણમાં ગુરૂત્વાકર્ષણના બધા જ સિદ્ધાંતો નીચે મુજબના શ્લોકમાં આ રીતે વર્ણવ્યા છે -

આકૃષઅટિશક્તિશ્ચ મહી તયા યત્
સ્વસ્થં ગુરૂ સ્વામિમુખં સ્વશક્ત્યા ।
આકૃષ્યતે તત્ પતતીવ ભાતિ
સમેસમન્તાત્ ક્વ પતત્વિયં ખે ॥ ૬ ॥

- ભુવનકોશ

તો ન્યૂટનની સાથે ગુરૂત્વાકર્ષણ વિષય સંદર્ભે વિદ્યાર્થીઓ પૂરક વાચનના આવા પુસ્તક દ્વારા ભાસ્કરાચાર્યને પણ જાણે એમાં શું બગડી જવાનું?

અણુ - પરમાણુની શોધનો યશ આપણે ભલે આધુનિક વિજ્ઞાનીઓને આપીએ, પણ જેમને 'વૈશેષિક દર્શન' માં આ વાત ૨૬૦૦ વર્ષ પૂર્વે જણાવી હોય તેવા કણાદ ઋષિને કેમ ભુલાય?

વાત સ્ટેમસેલની હોય અને સાવ અજાણ્યું લાગતું નામ ડો. બાલકૃષ્ણ ગણપત માતાપુરકર યાદ કરવામાં અને વિદ્યાર્થીઓને એમનો પરિચય કરાવવામાં શું અજુગતી ઘટના ઘટી?

આવા તો અનેક ઋષિ-વિજ્ઞાનીઓનો પરિચય 'તેજોમય ભારત'માં આપ્યો છે. કપિલ, કણાદ, સુશ્રુત, ચરક, નાગાર્જુન, ભરદ્વાજ, આર્યભટ્ટ, બ્રહ્મગુપ્ત, વરાહમિહિર, શ્રીધરાચાર્ય, મહાવીરાચાર્ય અને ભાસ્કરાચાર્ય જેવા જ્ઞાની પુરૂષોની શૃંખલાનું સ્મરણ કરવામાં વળી નાનપ શાની? એની કંઇ આધુનિક પાયા પર જ અર્વાચીન જ્ઞાનની ઇમારત ચણાઇ રહી છે. વાસ્તવમાં આ પુસ્તકો તો વિદ્યાર્થીઓનું પાથેય છે, પ્રાચીન અને અર્વાચીનનો સુંદર સમન્વય છે, કોઇની અવહેલના નહીં, સર્વસમાવેશકતાની પ્રવૃત્તિ છે.

ટીકાકાર મિત્રોને નમ્ર વિનંતી કે જો થોડો સમય હોય તો સંસ્કૃત ભારતની પુસ્તક Pride of India વાંચી જુઓ. સંપૂર્ણ સંદર્ભો સાથે આપની શંકાનું સમાધાન થઇ જશે.

એક મુદ્દો છેડાયો છે ટેલિવિઝનની શોધનો. ઉક્ત પુસ્તકમાં એ લખ્યું છે કે તેની શોધ સ્કોટલેન્ડના પાદરી જોન લોગી બેયર્ડે ઇ.સ. ૧૯૨૬માં કરી. પરંતુ મહાભારતમાં સંજયે અંધ ધૃતરાષ્ટ્રને કુરૂક્ષેત્રના મેદાનથી ઘણે દૂર યુદ્ધનું પળેપળનું જીવંત વર્ણન કર્યું, જેને મહાભારતકાર 'સંજય દૃષ્ટિ' તરીકે ઓળખાવે છે એને ટેલિવીઝનની શોધનું મૂળ દર્શાવ્યું છે અને આ વાત ભારતનો જન જન જાણે છે.

વળી એ વાતમાં પ્રમાણ પણ આપણા પ્રાચીન ગ્રંથોમાં છે કે ઋષિઓ પોતાના યોગબળથી ધ્યાનસ્થિતિમાં ત્રુટિ (એક સેકન્ડનો ૩૩૭૫૦ મો ભાગ) જેવા અતિ શૂક્ષ્મ એકમથી ગ્રહોની ગતિ માપી શકતા હતા. આજના વિજ્ઞાન માટે આવી વાત કદાચ અતિમનસ કક્ષાની હશે, પણ ઋષિઓએ આવું જ્ઞાન સમગ્ર વિશ્વને આપી આધુનિક વિજ્ઞાનનો પાયો રચ્યો છે એવું અનેક ઇતિહાસકારોએ પ્રતિપાદિત કર્યું છે.

વેદકાળમાં મોટરગાડી શીર્ષક હેઠળ પણ ઋગ્વેદની ઋચાનો ઉલ્લેખ ટાંકી 'અનશ્વ રથ'ની વાત મૂકી છે. ઋગ્વેદમાં ઋચા ક્રમાંક ૧-૧૧૨-૧૨માં એનો ઉલ્લેખ આ પ્રમાણે છે -

અનશ્વં યામી રથં આવતં જિષે ।

(અનુસંધાન પાના નં. ૬ પર)

દુનિયામાં સૌથી વધુ ખુશી માણસને ત્યારે થાય છે જયારે એ ઘરે આવે ત્યારે દરવાજો ખોલીને પોતાનું બાળક તેને આવકારે

વિશ્વની શ્રેષ્ઠ ખુશીઓ કઇ? વિચારયાત્રા

- ડો. જય ઓઝા

સાયન્સનું કહેવું છે કે વ્યક્તિ જયારે ખુશ થાય ત્યારે એના હૃદયના ધબકારાની ગતિ વધી જાય છે અને દિમાગમાં અમુક પ્રકારનાં કેમિકલ જનરેટ થાય છે, જે તેના સ્ટ્રેસના લેવલને ઓછામાં ઓછા ચાલીસ ટકા ઘટાડે છે. આ સ્ટ્રેસ ઘટવાને કારણે એવું પણ બને છે કે જે સ્ટ્રેસ વ્યક્તિ ભોગવતો હોય એમાંથી એને કોઇ રસ્તો પણ મળી જાય. મનોચિકિત્સક અને ધર્મગુરૂઓ સુખ અને ખુશીની વ્યાખ્યા જુદી કરે છે. આધ્યાત્મિક સ્પષ્ટતા કરતાં પોપ જોન પોલે કહ્યું હતું,

"એરકન્ડિશન વાતાવરણ સુખ આપી શકે, પણ ખુશ થવાની ક્ષણ તો તડકાની વચ્ચે પણ આવી જતી હોય છે."

હરવું ફરવું, લેવિસ લાઇફસ્ટાઇલ વચ્ચે જીવવું, ક્રિમીનલ કહેવાતા એવા અર્થહીન ખર્ચાઓ કરવા કે પછી લોકો કલ્પના પણ ન કરી શકે એવી જગ્યાએ જવું અને આ બધું કરી શકાય એવી ક્ષમતા હાંસલ કરવી. જો તમને લાગતું હોય કે આ તાકાત અને આ કેપેસીટી તમારી પાસે હોય તો તમે દુનિયાની સર્વોત્તમ ખુશી પ્રાપ્ત કરી શકો, તો તમારી આ માન્યતા ભારોભાર ભૂલભરેલી અને અર્થહીન છે, કારણ કે આ બધું કરી શકે એવી ક્ષમતા ધરાવતા લોકોએ પણ માન્યું છે કે આ બધું માણ્યા પછી પણ સાચી ખુશી કરાયેલ એમાંથી નથી મળતી. અલાસ્કામાં જઇને બરફ પર લસરપટ્ટીઓ ખાધા પછી પણ સાચો આનંદ તો વાઇફ પાસેથી માથે તેલ નંખાવવામાં જ છે અને પનામાના ટેન્ટ સિટીમાં રહ્યા પછી પણ સૌથી વધુ ખુશી તો કોઇએ તમને લખેલા લવલેટર વાંચીને નોસ્ટાવલિજ થવામાં જ છે. વિશ્વના સૌથી શક્તિશાળી દેશ અમેરિકાના પ્રેસિડેન્ટ બરાક ઓબામા પણ આ કબૂલાતમાં આવી ગયા અને દુનિયાને અહિંસાને માર્ગ દેખાડીને હિન્દુસ્તાનને આઝાદ કરાવનારા મહાત્મા ગાંધીનો પણ સમાવેશ થઇ ગયો. બોલીવુડમાં ટ્રેજેડી કિંગ તરીકે પોપ્યુલર થયેલા દિલીપકુમારની આત્મકથા થોડા સમય પહેલાં જ પ્રસિદ્ધ થઇ. આત્મકથાના વિમોચન સમારંભમાં દિલીપકુમારે ધ્રૂજતાં ધ્રૂજતાં અવાજે કહ્યું કે, "એવોર્ડ લેતી વખતે પણ જેટલી ખુશી નહોતી થતી એટલી ખુશી બીવી સાયરાબાનું પાસે માથે તેલ ઘસાવીને થાય છે. બધું ભુલાઇ જાય છે. આજે પણ એ જયારે તેલ નાખી આપે છે ત્યારે એની આંગળીના ટેરવાનો સ્પર્શ બધાં દર્દ ભુલાવી દે છે."

'લિવિંગ લાઇફ' નામનાં અમેરિકાના એક મેગેઝીને કરેલા સર્વેમાં કુલ ૨૦ એવી વાત કહેવામાં આવી હતી કે જે દેખાવે સાવ નાનકડી અને દુન્યવી માનસિકતા ધરાવતા લોકો માટે સાવ ફાલતુ હતી, પણ એ ૨૦ વાત વિશ્વનું પરમસુખ લઇને આવે છે, એવા એ મેગેઝીને દાવો કર્યો છે. આ પરમસુખમાં પહેલા નંબરે જે આવે છે એ છે તમારા પ્રિય પાત્ર સાથે કરેલી વોક. અમેરિકાના પ્રમુખ બરાક ઓબામા આ પહેલાં નંબરમાં લિસ્ટમાં આવે છે. ઓબામા દુનિયામાં ધારે તે સંપત્તિ ખરીદી શકે એમ છે, તમામ પ્રકારનું સુખ મણી શકે એમ છે, પણ એ બધાની વચ્ચે પણ બરાકને સાંજના સમયે પોતાની વાઇફ સાથે એકલા ટહલેવા જેવું ઉત્તમ સુખ બીજે ક્યાંક મળ્યું નથી. બોલીવુડના મહાનાયક અમિતાભ બચ્ચન પણ આ લીસ્ટમાં સામેલ છે. બિગ બીને વાઇફ સાથે ટહેલવું બહુ ગમે છે, પણ ઇન્ડિયામાં એ શક્ય નથી એટલે એ એવા દેશ પસંદ કરે છે કે જયાં હિન્દી કે એશિયન ફિલ્મનું કોઇ ચલણ ન હોય. એવા દેશમાં જઇને બીગ બી બીજું કશું કરતા નથી પણ માત્ર વોક કરવા જાય છે. બિગ બીએ પોતાના બ્લોગમાં એક વાર લખ્યું હતું, "કંઇ પણ કહ્યા વિના માત્ર ચાલતા રહેવાનું અને એ પછી એમ જ મૂંગા મોઢે પાછાં આવવાનું. ખામોશી પણ વાત કરતી હોય છે એ એ સમયે તાદૃશ થાય."

દિલીપકુમારની આગળ વાત થઇ. તેમને સાયરાબાનુ તેલ નાખી આપે એ વાતમાં સૌથી ખુશી મળે છે, તો આ જ કેટેગરીમાં અક્ષયકુમાર પણ આવે છે. અક્ષયકુમાર આજે પણ નિયમિત રીતે દરરોજ પાછાં આવ્યા પછી વાઇફ ટ્વિંકલ પાસે માથામાં તેલમાલિશ કરાવે છે અને બે છોકરાની મા એવી ટ્વિંકલ અક્ષયને માલિસ કરી આપે છે. આ માલિક એ અક્ષયકુમારને શ્રેષ્ઠતમ શાતા આપે છે અને એ એમાં યોગ પછી મળી રહેનારા રિલેક્સેશન જેવી ફિલીંગ્સ મેળવે છે.

બોલીવુડને છોડીને વાત કરીએ તો આ યાદીમાં રતન ટાટાથી શરૂઆત કરવી જોઇએ. રતન ટાટાને જાતે રસોઇ બનાવવામાં જે આનંદ આવે છે, એવી ખુશી તેમને બીજી કોઇ બાબતમાં નથી મળતી. રતન ટાટાની કંપનીના અનેક કર્મચારીઓ રતન ટાટાના હાથની રસોઇ ખાઇ ચૂક્યા છે. ટાટાના ઘરે કૂક ન હોય એવું તો કોઇ હિસાબે બને નહીં પણ તેમને જયારે એવો મૂડ આવે ત્યારે એ પોતે કિંચનમાં પહોંચી જાય છે અને જાતે રસોઇ બનાવવા માંડે છે. થોકબંધ વાર એવું બન્યું છે કે રતન ટાટાના કૂક પણ ટાટાના હાથે બનેલી રસોઇ જમ્યા હોય. રતન ટાટા જેવો જ શોખ હોલીવુડ સ્ટાર લિઓ-નાર્ડો-કેપ્રિયોઓને છે. લિઓ-નાર્ડો-કેપ્રિયો તો રીતસર પાર્ટી રાખે અને એ પાર્ટીમાં પોતાના હાથે રસોઇ બનાવીને જમાડે. સંજય દત્ત ભલે અત્યારે જેલમાં હોય, પણ બાબા જયારે બહાર હતા ત્યારે તે પણ આ જ પ્રકારે રસોઇ પર હાથ અજમાવી ચૂક્યા છે. સંજુબાબા તો કોઇની બનેલી રસોઇમાં જાત-જાતનાં અખતરા કરીને એમાંથી નવી વેરાઇટી બનાવવામાં ઉસ્તાદ છે. હોટ બ્રાઉની ઠંડા દૂધમાં ડુબાડીને ખાવાથી એનો આખો ટેસ્ટ બદલાઇ જાય છે, એવું અડધા બોલીવુડને સંજુબાબાએ શીખવ્યું છે. પનીર પકોડા માર્કેટમાં મળે છે, પણ લાલ મરચાંની અંદર ચીઝ ભરીને એના પકોડા સંજય દત્ત બનાવતો, મરચાની તીખાશ, ચીઝનો નમકીન ટેસ્ટ અને તળાઇને કરકરો થઇ ગયેલો ચણાનો લોટ! સંજુબાબા કહેતા કે મારી વેરાઇટી કોઇ ખાય ત્યારે મને એવી શાંતિ થાય કે જાણે કે મને સ્વર્ગ મળી ગયું.

વિશ્વના પરમસુખમાં આ બધાં સુખનો સમાવેશ ઓફિશીયલી થયો છે, તો આ જ સુખ સાથે વરસતા વરસાદમાં મન મૂકીને, કોઇની શરમ રાખ્યા વિના નાચવાની મજાને પણ સુખ ગણાવ્યું છે અને અચાનક જ મનગમતું ગીત ક્યાંક સાંભળવા મળી જાય એ વાત એ પણ અકલ્પનીય ખુશીમાં લેખાવવામાં આવ્યું છે. હુલામણા કે પ્રેમથી પાડવામાં આવેલા નામથી અચાનક જ કોઇ બોલાવે ત્યારે પણ મનમાં ખુશી પ્રસરી જાય છે, જે ખુશી લાખોની દોલત ખર્ચ્યા પછી પણ નથી મળતી.

દુનિયામાં સૌથી વધુ ખુશી માણસને ત્યારે થાય છે જયારે એ ઘરે આવે ત્યારે દરવાજો ખોલીને પોતાનું બાળક તેને આવકારે.

વ્યવસાય એ જ કેવળ જીવન નથી પરંતુ યુવાપેઢીનો વિકાસ સર્વાંગીણ થવો જોઇએ તે સત્ય એકતાજીના જીવન પરથી જાણવા જેવું છે

મોંઘેરા મોતી

- નટવર આહલપરા

ભણવામાં હોંશિયાર વિદ્યાર્થીઓ સહઅભ્યાસિક અને સાંસ્કૃતિક વ્યક્તિત્વ ધરાવતા નથી અને તેઓ કેવળ પુસ્તકીયું જ્ઞાન અને એને જ સત્ય માને છે એવી સામાન્ય રીતે માન્યતા છે તે માન્યતા બિલકુલ ખોટી છે તેવું એકતાજીના વ્યક્તિત્વના વિકાસ ઉપરથી કહી શકાય. એકતા ધવલ તલસાણીયાનો જન્મ તા. ૧/૧૫/૧૯૮૫ના રોજ થયેલો છે. એટલે યુવા પ્રતિભાશાળી વ્યક્તિત્વ ધરાવે છે અને રાજકોટની જાણીતી શિક્ષણ સંસ્થા કડવીબાઇ વીરાણી કન્યા વિદ્યાલયમાં તેમને ૧ થી ૧૦ ધોરણ સુધીનું શિક્ષણ મેળવેલ છે. ત્યારબાદ એસ.જી. ધોળકીયા સ્કૂલમાં ૧૧ અને ૧૨મું ધોરણ અભ્યાસ કરેલ છે. શાળાકીય જીવન દરમિયાન શાળામાં તેઓશ્રી એક હોંશિયાર વિદ્યાર્થીની રહ્યા તો સાથે સાથે શાળાકક્ષાએ યોજાતી સહઅભ્યાસિક પ્રવૃત્તિમાં પણ ઉત્સાહથી ભાગ લેતા હતા અને મોખરાના સ્થાને તેમને પારિતોષક અને ઇનામ પણ મળતા. શાળાકીય અભ્યાસ પૂર્ણ થતા વધુ અભ્યાસ માટે એસ. બી. બી. કોલેડ ઓફ ફિજીયોથેરાપી અમદાવાદમાં (બેચલર બીપીટી) અને ગર્વન્મેન્ટ ફિજીયોથેરાપી કોલેજ અમદાવાદમાં અભ્યાસ કરીને માસ્ટર ઇન ન્યુરોલોજી (એમપીટી ન્યુરો) નો અભ્યાસ પૂર્ણ કર્યો.

શ્રી એકતાબેનની સિદ્ધિઓ વિશે ઘણું લખી શકાય તેમ છે પરંતુ નૃત્યકલા અને કવિતાસર્જન તથા વકતૃત્વકળા તેમના વ્યક્તિત્વમાં વધારે વિકાસ પામી છે. એક ન્યુરોલોજીની વિદ્યાર્થીની નૃત્યકળામાં પણ પારંગત હોય તે ઘણી આશ્ચર્યકારક બીના છે. પરંતુ એકતાજીના જીવનનું તે સત્ય છે. સ્કૂલ દરમિયાન થતી નૃત્ય અને નાટકની બધી જ પ્રવૃત્તિમાં તેઓ સક્રિય ભાગ લેતા રહ્યા. ધોરણ ૫ અને ૯ ના વર્ષ દરમિયાન બાલભવન (રાજકોટ) ખાતે યોજાયેલ શાસ્ત્રીય નૃત્યના કાર્યક્રમો તેમણે પ્રથમ સ્થાન પ્રાપ્ત કરેલ. ધોરણ ૩ પછી વિશ્વકર્મા કેળવણી મંડળ દ્વારા દર વર્ષે યોજાતા રમતોત્સવમાં ડાન્સીંગ અને વિવિધ સ્પર્ધામાં સક્રિય ભાગ લઇને ટ્રોફી મેળવેલ.

૧૧ વર્ષની નાની વયે ભરત નાટ્યમ જેવા અઘરા નૃત્યની તાલીમ શરૂ કરી. ભરતનાટ્યમ નૃત્ય એ વિવિધ ભાવમુદ્રાઓ દ્વારા નવ રસની અભિવ્યક્તિ કરવાનું નૃત્ય છે. તેમાં ચહેરા અને નૃત્ય દ્વારા જુદા જુદા ભાવો અભિવ્યક્તિ પામે છે. અને તે સરળ અને નૃત્ય દ્વારા પાસે તેની તાલીમ મેળવવી પડે છે. એકતાજીએ નાની વયે તાલીમ શરૂ કરી છ વર્ષનો ભરતનાટ્યમ્નો કોર્સ પૂર્ણ કર્યો. અભિનંદન.

તેઓશ્રીએ ઘણા નૃત્યના કંપોઝીશનની કોરિયોગ્રાફી કરેલ છે. તેમણે કરેલા ડાન્સ કોરિયોગ્રાફને નેશનલ સમિટ ઓફ ફિજીયોથેરાપીમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરેલ છે. આ રીતે ભારતીય નૃત્યકલાના તેઓ સારા જાણકાર છે અને ભારતીય નૃત્યથી સમાજની દીકરીઓ દૂર ભાગી રહી છે. ત્યારે એકતાજીનું વ્યક્તિત્વ તેઓ માટે પ્રેરણારૂપ બની શકે છે.

નૃત્યકળા ઉપરાંત તેઓશ્રી રામકૃષ્ણ આશ્રમ દ્વારા દર વર્ષે સ્વામી વિવેકાનંદજીની જન્મજયંતી નિમિત્તે યોજાતી વકતૃત્વ સ્પર્ધામાં પ્રથમ નંબરે આવ્યા હતા અને શાળાનું ગૌરવ વધારેલ.

તેઓશ્રી કહે છે કે મેં અનેક કવિતાઓ લખી